# ઉત્તર ગુજરાતની કોલેજોમાં ૧ નવેમ્બરથી દિવાળી વેકેશન

## માંડ શિક્ષણ પાટે ચડ્યું ત્યાં વેકેશનથી અનેક છાત્રો નાખુશ..!

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૭

દિપાવલી પર્વ નજીકમાં છે બજારોમાં ખરીદીની રોનક જામી રહી છે ત્યારે ઉત્તર ગુજરાતની વિવિધ ૨૫૦થી વધુ કોલેજોમાં ૧ નવેમ્બરથી ૨૧ દિવસનું દિવાળી વેકેશન શરૂ થશે. કોરોનાના કારણે ઉચ્ચ શિક્ષણ આપતી કોલેજોમાં માંડ શિક્ષણ પાટે ચડ્યું ત્યાં વેકેશનથી અનેક છાત્રો નાખુશ જણાયા પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા કોલેજો અને યુનિ.નું વેકેશન જાહેર કરાયું તે સ્વીકાર્યા વગર છૂટકો નથી.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાના કારણે અનેક શાળા-કોલેજોમાં વિલંબથી પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયું છે અને ૨૨ નવેમ્બરથી કોલેજોમાં આંતરીક કસોટીનું આયોજન કરવાનું થાય છે. આ સંજોગોમાં રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા યુનિવર્સિટિ માટે શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માટે કોમન એકેડમી કેલેન્ડરનો ઠરાવ બહાર પાડ્યો છે જેમાં સરકારી યુનિ.ના મેડિકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમ માટે ૩૦ નવેમ્બર, ૨૦૨૧ સુધીમાં પ્રથમ સત્ર પુરુ કરવુ અને ત્યાર બાદ બીજું સત્ર ૧ ડિસેમ્બર,૨૦૨૧થી શરૂ થશે અને યુનિ. કોલેજો દ્વારા બીજા સત્રની આંતરીક મૂલ્યાંકન કસોટી ફેબ્રુઆરી માર્ચ-૨૦૨૨ સુધીમાં પૂરી કરવાની રહેશે. જ્યારે ૩૦ એપ્રિલ,૨૦૨૨ સુધીમાં બીજું સત્ર પૂરું કરવાનું રહેશે. જ્યારે તા.૧ મે,૨૦૨૨થી તા.૧૪ જૂન,૨૦૨૨ સુધી ૪૪ દિવસ માટે ઉનાળુ વેકેશન રહેશે. નવું શૈક્ષણિક સત્ર ૧૫ જૂન, ૨૦૨૨થી શરૂ થશે ટૂંકમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા પાટણ અને મહેસાણા જિલ્લામાં તા.૧ નવેમ્બરથી કોલેજોમાં ૨૧ દિવસનું દિવાળી વેકેશન શરૂ થશે અને કોલેજ શરૂ થયાના પ્રથમ દિવસથી એટલે કે તા.૨૨ નવેમ્બરથી આંતરીક કસોટી યોજાશે.

# પ્રાંતિજ ખાતે ભાજપ શાસિત નગરપાલિકાનુ વીજ જોડાણ કપાયુ

## ૨૬ લાખથી વધારે વીજબીલ બાકી હોય વિજ જોડાણ કપાયુ : અગાઉ પણ સ્ટ્રીટ લાઈટોનુ વિજ જોડાણ કપાયુ હતુ : દિવાળી ટાળે જ પાલિકામા અંધારપટ : વિજ જોડાણ કપાતા પાલિકામા કામકાજ ઠપ

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ભાજપ શાસિત નગરપાલિકાનુ વિજ જોડાણ કપાયુ. વર્ષમા બીજીવાર વિજ જોડાણ કપાયુ.

પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વિજ કંપનીનુ વીજ બીલ ના ભરતા પ્રાંતિજ વિજ કંપની દ્વારા આજે પ્રાંતિજ નગરપાલિકાનુ વીજ જોડાણ કપાયુ હતુ તો દિવાળી ટાળે જ પાલિકાનુ વિજ જોડાણ કપાતા પ્રાંતિજ પાલિકામા અંધારપટ છવાયો હતો.

તો વિજ પ્રવાહ બંધ થતા પાલિકામા સંપુર્ણ કામગીરી ઠપ થઈ ગઈ હતી તો પ્રાંતિજ પાલિકા દ્વારા ૨૬ લાખથી વધારે વીજ બીલ બાકી નિકળતા આખરે વિજ કંપની દ્વારા નોટીસો ઉપર નોટીસો આપ્યા બાદ આખરે પ્રાંતિજ વિજ કંપનીના એન્જીનીયર શૈલેષભાઈ યાદવ દ્વારા આજે પાલિકાના મેન ઓફિસનુ વિજ જોડાણ કાપવામા આવ્યુ હતુ. તો હાલ તો ભાજપ સાશિત પાલિકાનુ વિજ જોડાણ કપાતા હાલ તો નગરમા વિવિધ ચર્ચાઓએ જોર પકડયુ છે.





જયારે આ વર્ષે સતત બીજીવાર વિજ જોડાણ કપાયુ અગાઉ પણ લાઈટ બીલ ના ભરાતા સ્ટ્રીટ લાઈટનુ વિજ જોડાણ કપાયુ હતુ. તો હાલ તો દિવાળી ટાળે જ નગરપાલિકાનુ વિજ જોડાણ કપાતા પાલિકામા કામકાજ ઠપ્પ થયુ છે તો આ અંગે નગરપાલિકાના ચીફ ઓફિસર ઉર્મિલાબેન સુમેસરાનો ટેલિફોનિક સંપર્ક કરતા તેવોએ ટેલિફોન ઉપાડયો નહતો.

# જન્મદિને વધામણી



નયનાબેન બારોટ
બાયડ



હાર્વીબેન મીહીરભાઈ પટેલ
ધનસુરા



જીતેન્દ્રભાઈ પટેલ
વિવેકાનંદ સોસાયટી
બાયડ



દિલીપભાઈ મણીભાઈ પટેલ
નવટંકી કંપા તા.ધનસુરા



વિજય પટેલ
કોન્ટ્રાકટર
બાયડ(રડોદરા)

# જિલ્લામાં દિપાવલીના તહેવાર નજીક આવતાં મીઠાઈ-ફરસાણ બજાર સજીધજીને સજ્જ

## મોંઘવારી વધતાં ભાવ વધારાની અસર

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૭

જિલ્લામાં પ્રકાશ પર્વ દિપાવલીનું પર્વ નજીક આવતાં બજારમાં રોનક આવી છે. ગ્રાહકોથી બજાર ધમધમી ઉઠ્યાં છે ત્યારે નવા વર્ષના દિવસોમાં મીઠાઈ-ફરસાણ વગર ઉજવણી શક્ય જ ન હોવાથી બંન્ને જિલ્લામાં મીઠાઈ તેમજ ફરસાણ બજાર સજીધજીને સજ્જ થયું છે. કંદોઈયોને ત્યાં અવનવી આકર્ષક કાજુ તેમજ માવા મીઠાઈઓ ગોઠવી ગ્રાહકોને આકર્ષવાના પ્રયાસો થઈ રહ્યા છે. ગત વર્ષની સરખામણીએ ઘી, તેલ, માવો અને બેશન મોંઘું થતાં તેની સીધી અસર ભાવ ઉપર જોવા મળી છે. જિલ્લામાં તહેવારો સમયે કાજુની મીઠાઈઓ રૂ.૮૦૦ના ભાવથી સૌથી મોંઘી તેમજ માવાની મીઠાઈઓનો ભાવ પણ રૂ.૪૦૦ બોલાઈ રહ્યો છે તે જ રીતે ફરસાણ પણ રૂ.૨૦૦ આસપાસ ભાવ રહેતાં નવા વર્ષના દિવસોને મોંઘવારીનું ગ્રહણ વર્તાય છે છતાં ગ્રાહકોએ દિપાવલીના પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી માટે અત્યારથી વિવિધ ખરીદી શરૂ કરી છે.

મીઠાઈના શોખીન ગુજરાતીઓ દરેક તહેવારો સમયે લાખો-કરોડો રૂપિયાની મીઠાઈ આરામથી પેટમાં પધરાવી જતા હોય છે. દિપાવલીના તહેવારોમાં મહેમાનોની આગતા..સ્વાગતા માટે પણ મીઠાઈનો વધુ ઉપયોગ થતો હોય છે જેથી દિપાવલીના તહેવારના દિવસો અગાઉ મીઠાઈના રાજસ્થાની કારીગરો અગાઉથી કંદોઈઓને ત્યાં ધામા નાખી દેતા હોય છે. જિલ્લામાં દિપાવલીના તહેવારને આડે ગણતરીના દિવસ બાકી રહેતાં મીઠાઈ તેમજ ફરસાણ બજાર સજ્જ થઈ ગયું છે. જિલ્લામાં મીઠાઈના વેપારીઓએ દુકાનોમાં આકર્ષક મીઠાઈઓ ગોઠવી ગ્રાહકોને આકર્ષવાના પ્રયાસ કર્યા છે જેમાં પ્રથમ દ્રષ્ટીએ જ મીઠાઈ જોઈને મોંઢામાં પાણી આવી જાય તેવી મીઠાઈઓ આકર્ષણરૂપ બની છે પરંતુ ભાવ વધારાથી સીસકારો નિકળી જતો હોય છે. જિલ્લામાં મીઠાઈ અને ફરસાણમાં ભલે ભાવ વધારો જોવા મળ્યો હોય પરંતુ અત્યારથી જ મીઠાઈ-ફરસાણની ખરીદી માટે ગ્રાહકોનો ધસારો સ્પષ્ટ જોવા મળી રહ્યો છે.

### મીઠાઈના ભાવ.. (૧ કી.ગ્રા.)

| | |
|---|---|
| મીક્ષ મીઠાઈ | રૂ.૩૦૦ થી ૩૫૦ |
| કાજુ મીઠાઈ | રૂ.૭૫૦ થી ૮૦૦ |
| મોહનથાળ | રૂ.૧૮૦ થી ૨૦૦ (તેલમાં) |
| મૈસૂર લાડુ | રૂ. ૪૦૦ |
| હલવો | રૂ. ૩૨૦ |
| સોનપાપડી | રૂ.૨૮૦ |

### ફરસાણના ભાવ..(૧ કી.ગ્રા.)

| | |
|---|---|
| શક્કરપારા | રૂ.૧૬૦ |
| ફરસી પૂરી | રૂ.૨૦૦ |
| ભાખરવડી | રૂ.૨૦૦ |
| પાપડી | રૂ.૨૪૦ |
| ચવાણું મીક્ષ | રૂ.૧૮૦ |
| ગાંઠીયા | રૂ.૧૮૦ |
| ફુલવડી | રૂ.૨૦૦ |
| સેવ | રૂ.૧૮૦ |

# પોલીસનું ગ્રેડ પે આંદોલન - પોલીસ પરીવારની મહિલાઓ મેદાનમાં ઉતરતા સરકાર હરકતમાં

## ઈડર પોલીસ સ્ટેશને મહિલાઓએ થાળી-વેલણ ખખડાવ્યા, અન્ય પોલીસ સ્ટેશનોમાં પણ માંગણીને વેગ મળશે

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૭

પોલિસ કર્મચારીઓને ગ્રેડ પેમાં થતા અન્યાયની ગૂંજ હવે ગાંધીનગરથી રાજ્યની ચારે દિશાઓ તરફ ફરીવળી છે. ગ્રેડ પે મુદ્દે પોલિસ કર્મીઓ આંદોલન છેડે તો સામી દિવાળીએ સરકાર અને વહિવટીતંત્રની મુશ્કેલી વધી શકે છે. એક્શનમાં આવેલા ગૃહરાજ્ય પ્રધાને ગ્રેડ પે મુદ્દે પોલિસ કર્મચારીઓને થઈ રહેલા અન્યાયને ગંભીરતાપૂર્વક લઈ તેના ઉકેલ માટે પ્રયાસ શરૂ કર્યા છે પરંતુ ગ્રેડ પે મુદ્દે હવે પોલિસ પરીવારની મહિલાઓ મેદાનમાં ઉતરતા ગુજરાતની નવી સરકાર હરકતમાં આવી છે. ગત રોજ ઈડર પોલિસ સ્ટેશનને મહિલાઓએ થાળી-વેલણ ખખડાવી અન્યાય દુર કરવાની માંગ કરી છે જ્યારે પોલિસના ગ્રેડ પે આંદોલનને કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ સમર્થન કરતાં ક્યાંક ઉકેલ આવનારી સ્થિતિમાં વળાંક ન આવે તે પણ જોવું રહ્યું.




પ્રાપ્ત જાણકારી અનુસાર ગ્રેડ પે મુદ્દે પોલિસ આંદોલનને હવે સાબરકાંઠા-અરવલ્લી અને તેના તમામ ૧૪ તાલુકામાં જનસમર્થન મળી રહ્યું છે. મોંઘવારી વધે છે પરંતુ દિવસ-રાત પ્રજાની સુરક્ષા કરતા પોલિસ કર્મચારીઓના મામૂલી પગારનો મુદ્દો હવે સૌને સ્પર્શ કરી રહ્યો છે અને તેમાંય ગાંધીનગર વિધાનસભા ગૃહના પગથીયામાં ૧ કર્મચારીએ ગ્રેડ પે મુદ્દે પલોઠી વાળી આંદોલનને જે ઓપ આપ્યો અને પછી સમગ્ર રાજ્યમાં સમર્થન મળ્યું તે જોતાં અન્ય વિભાગના આંદોલનકારીઓ અચંબિત થયા છે. પોલિસ કર્મચારીઓને અત્યાર સુધી અન્યાય થતો આવ્યો છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. વર્ષોની પડતર માંગણીઓ માટે હરફ ન ઉચ્ચારનારા પોલિસ કર્મચારીઓની સંયમતાને સરકારે નજર અંદાજ કરી અને તેનું આ પરીણામ હોવાનું જાણવા મળ્યું છે. પોલિસ કર્મચારીઓના પરીવારજનો જે રીતે એક પછી એક પોલિસ સ્ટેશન આગળ સમર્થનમાં આવી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે તે જોતા સરકારે તાબડતોબ પોલિસના ગ્રેડ પે મુદ્દાનો ઉકેલ લાવવો પડશે અન્યથા પોલિસનું આંદોલન વર્તમાન નવી સરકાર માટે અનેક મુશ્કેલીઓ ઉભી કરી શકે છે.

જ્યારે પોલિસ ગ્રેડ પે આંદોલન રાજકીય રંગ પકડે તે અગાઉ પોલિસ કર્મચારીઓએ પણ કેટલીક ચકોરતા દાખવવાનો સમય આવી ગયો છે.

### ગૃહમંત્રીની કમીટી રચવાની જાહેરાત

રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોલિસ કર્મચારીઓને ગ્રેડ પે મુદ્દે થતાં અન્યાયની વિગતો મેળવ્યા પછી તેના ઉકેલ માટે જરાપણ વિલંબ કર્યા વગર તેજ દિશામાં પ્રયત્નો શરૂ કર્યા છે. ગૃહમંત્રીએ પોલિસ પરીવાર સાથે બેઠક યોજી હતી અને તેમાં ગ્રેડ પે મુદ્દે કમીટી રચવાની જાહેરાત કરવાની સાથે કમીટીમાં પોલિસ કર્મીઓની મહિલાઓનો સમાવેશ પણ થઈ શકે છે. રાજ્યના ઈતિહાસમાં અનેક કર્મચારી મંડળોએ પડતર માંગ મુદ્દે આંદોલનનો જંગ છેડ્યો છે પરંતુ પ્રથમવાર એવું બન્યું કે આંદોલનની ચિનગારી વેગ પકડે તે અગાઉ સરકાર અને ગૃહવિભાગે આ દિશામાં ત્વરીત નિર્ણય લઈ ઉકેલના પ્રયાસો હાથ ધર્યા છે.

## ડો. જીમી ચૌધરી, ડો.શાલ્વી ચૌધરી પર શુભકામનાઓનો ધોધ વહ્યો

# બાયડમાં આજથી સહજાનંદ બાળકોની હોસ્પિટલ અને સાંઈ ડેન્ટલ ક્લિનિકનો શુભારંભ

## મેડિકલ નગરી બાયડમાં વધુ એક અદ્યતન હોસ્પિટલ

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૭

બાયડના શ્રીજી દાદા કોમ્પ્લેક્ષમાં આજે ગુરુવારથી ડૉ.જીમી ચૌધરીની સહજાનંદ બાળકોની હોસ્પિટલ તેમજ ડૉ.શાલ્વી ચૌધરીના સાંઈ ડેન્ટલ ક્લિનિકનો શુભારંભ થઈ રહ્યો છે ત્યારે બાયડમાં વધુ એક સુવિધાયુક્ત હોસ્પિટલનો દર્દીઓને લાભ મળશે. ડૉ. દંપતિને શુભેચ્છકો, મિત્રો અને સંબંધીઓ તેમજ આઈ.એમ.એ. બાયડ-ધનસુરાના સભ્યો, કેમિસ્ટો વગેરેએ હોસ્પિટલના શુભારંભ પ્રસંગે અઢળક શુભકામનાઓ પાઠવી છે.





સમગ્ર જિલ્લામાં બાયડ સૌથી વધુ અદ્યતન હોસ્પિટલોની શરૂઆતના કારણે મેડિકલ નગરી તરીકે ઉભરી રહ્યું છે. મોટા ભાગના તબીબો બાયડ તેમજ તાલુકાના વતની હોવાથી ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ હોય છે અને દર્દીઓને તેનો સૌથી વધુ ફાયદો મળતો હોય છે. વધતી મોંઘવારીમાં બાયડની તબીબી સેવા સૌથી સસ્તી સાબિત થઈ છે અને હવે તેમાં વધુ એક અદ્યતન હોસ્પિટલનો શુભારંભ થઈ રહ્યો છે.

બાયડ તાલુકાના રડોદરાના વતની અને વર્ષોથી બાયડમાં સ્થાયી થયેલા જાણીતા કેળવણીકાર, બિલ્ડર ચંદ્રેશભાઈ કે. પટેલ (સી.કે.પટેલ) અને ઉષાબેન પટેલ(આદર્શ વિદ્યાવિહાર ઉજળેશ્વર) ના પુત્ર ડૉ. જીમી ચૌધરી અને ડૉ. શાલ્વી ચૌધરીની હોસ્પિટલના શુભારંભ પ્રસંગે શહેરના અગ્રણીઓ, વેપારીઓ, ડૉક્ટરો, કેમીસ્ટો, વિવિધ સમાજના આગેવાનો ઉપસ્થિત રહી નવા સાહસ બદલ શુભકામનાઓ પાઠવશે. બાળરોગ નિષ્ણાત જીમી ચૌધરીએ જણાવ્યું કે હોસ્પિટલમાં નાના બાળકો માટે વેન્ટીલેટર, વાર્મર, એનઆઈસીયુ, પીઆઈસીયુ, ફોટો થેરાપી સહિતની અદ્યતન સવલતો બાળ દર્દીઓને મળી રહેશે. જ્યારે હોસ્પિટલના શુભારંભ પ્રસંગે આજે તા.૨૮ ઑક્ટોબરથી તા.૧૫ નવેમ્બર, ૨૦૨૧ સુધી ફ્રી ચેકઅપ કરી આપવાની જાહેરાત કરી છે જ્યારે સાંઈ ડેન્ટલ ક્લિનિકમાં દર રવિવારે એમ.ડી.એસ. ડૉ. ભૂમિ ચંદ્રેશભાઈ ચૌધરીની સેવાઓ પણ દર્દીઓને મળી રહેશે.

# જિલ્લામાં દિપાવલીના પર્વની ઉજવણીમાં આઠ કરોડના ફટાકડાનો ધુમાડો થશે

## ફટાકડાના કારણે પ્રદૂષણનું પ્રમાણ વધી જવાની દહેશત

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પ્રકાશ પર્વ દિપાવલી ઉજવણીમાં રૂ.૮ કરોડથી વધુના ફટાકડા વેચાણની સંભાવના વ્યક્ત થઈ રહી છે. કાળઝાળ મોંઘવારીમાં વેપારીઓએ ગતવર્ષે માલ સ્ટોક કર્યો પરંતુ કોરોનાના કારણે દિપાવલી પર્વ નીરસ રહ્યું પરંતુ આ વર્ષે બજાર ધમધમતાં સારી ઘરાકીની આશા સેવાઈ છે. શનિવારથી ફટાકડા બજારમાં ઘરાકીનું ઘોડાપુર જોવા મળી શકે છે.



પર્વાધિરાજ પર્વ દિપાવલી અને સાથેનાં દિપોત્સવી પર્વની શરૂઆત આવતા સપ્તાહથી થઈ રહી છે. સમી સાંજ થતાં જ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારો ફટાકડાના અવાજથી ધણધણી ઉઠશે. ઠેર ઠેર ફટાકડા વેચવાના સ્ટોર ઉભા થઈ ગયા છે. ૪ વર્ષથી વહીવટી તંત્રએ પ્રજાની સલામતીની ખાસ કાળજી રાખી શહેરી વિસ્તારોમાં ફટાકડા સ્ટોલની અલાયદી જગ્યાઓ ફાળવી પરંતુ આ વર્ષે તેમાં દેખીતો ભ્રષ્ટ્રાચાર જોવા મળ્યો અને મોટા હાદસા સર્જાય તે રીતે આડેધડ ફટાકડા સ્ટોલ ખોલવાની છૂટ આપી દીધી છે જે આફત નોતરી શકે છે. જિલ્લામાં શીવાકાશી બ્રાન્ડનું દારૂખાનું મોટી સંખ્યામાં આવી ચૂક્યું છે. જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા, લાંબડીયા, પોશીના, વડાલી, ઈડર, જાદર, હિંમતનગર, ગાંભોઈ, શામળાજી, સલાલ, પ્રાંતિજ, તલોદ, હરસોલ, વડાગામ, આકરૂન્દ, સાઠંબા, ડેમાઈ, ગાબટ, ઉભરાણ સહિતના વિસ્તારોમાં ફટાકડાના સ્ટોલ શરૂ થઈ ગયા છે અને પ્રકાશ પર્વની ઉજવણીમાં ફટાકડાની આતશબાજી કરવા માટે આતૂર ટાબરીયાં અને યુવાનો ફટાકડા સ્ટોલની આસપાસ જમાવડો કરી ખરીદી કરતા જોવા મળશે.

# જિલ્લામાં તહેવારોના લીધે એસ.ટી. બસ, ખાનગી વાહનોને કમાણીનો તડાકો

## બસ મથકોમાં મુસાફરોનો ભારે ધસારો

જિલ્લામાં દિપાવલીના તહેવારોને લીધે એસ.ટી. બસ અને ખાનગી વાહન ચાલકોને ઘી-કેળાં થઈ ગયાં છે. જિલ્લામાં બસ મથકોમાં મુસાફરોનો ભારે ધસારો થતાં એસ.ટી.ની સાથે ખાનગી વાહનોને પણ કમાણીનો તડાકો પડ્યો છે. તહેવારોની ઉજવણી માટે બહાર ગામ રહેતા પરિવારો વતન આવવાની સાથે અહીં ધંધા-રોજગાર અર્થે સ્થાયી થયેલા પરિવારોએ પણ પોતાના વતનની વાટ પકડતાં એસ.ટી. બસો અને ખાનગી વાહનો ભારે ભીડ સાથે દોડતા જોવા મળી રહ્યા છે.

જિલ્લામાં દિવાળીના તહેવાર નિમિત્તે મુસાફરોની ભીડમાં ગતરોજથી ક્રમશઃ વધારો થઈ રહ્યો છે. એસટી નિગમ દ્વારા આવતા



સપ્તાહથી દિવાળી નિમિતે વધારાની એસટી બસ દોડાવાનો નિર્ણય લીધો છે. જ્યારે ખાનગી વાહનો માટે પણ તહેવારોની આ સીઝન ફાયદારૂપ બની રહેતાં ખાનગી વાહન ચાલકોને ઘી-કેળાં થઈ ગયાં છે. દિવાળીના તહેવારોની શરૂઆત થવામાં છે અને શાળાઓ અને કોલેજોમા દિવાળી વેકેશનની વિભાગ દ્વારા જાહેરાત થતાં અનેક પરીવારો નજીક અને દૂરના પર્યટન સ્થળે ફરવા જવાના છે. જ્યારે એસ.ટી. બસોમાં ભારે ભીડ રહેતી હોવાથી મોટા ભાગના મુસાફરો ખાનગી વાહનોમાં મુસાફરી કરવાનું પસંદ કરી રહ્યા હોવાથી તહેવારોના લીધે એસ.ટી. બસોની સાથે ખાનગી વાહનોને પણ કમાણીનો તડાકો પડયો છે. જિલ્લામાં એસ.ટી. બસ મથકોમાં મુસાફરોની સંખ્યા રોજ વધતી જતી હોવાથી કેટલાક બસ મથકોમાં પોલીસની હાજરી નિશ્ચિત બનાવવી પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે.